# ગુજરાત સરકાર

ગૃહ વિભાગ,
ક્રમાંક : વિ-૧/કઅવ/૧૦૨૦૨૦/૪૮૨
સચિવાલય, ગાંધીનગર
તા.૦૭.૦૬.૨૦૨૦.

**હુકમ:**

કેન્દ્રીય ગૃહ મંત્રાલયના તા.૩૦.૦૫.૨૦૨૦ના હુકમ ક્રમાંક : 40-3/2020-DM-I(A) અન્વયે ગૃહ વિભાગના તા.૩૦.૦૫.૨૦૨૦ના જાહેરનામા ક્રમાંક: જીજી/૨૮/૨૦૨૦/વિ-૧/કઅવ/૧૦૨૦૨૦/૪૮૨ થી સમગ્ર રાજ્યમાં Containment સિવાયના વિસ્તારોમાં નિયત પ્રવૃત્તિઓ ચાલુ રાખવા હુકમ કરવામાં આવેલ છે. તા.૩૦.૦૫.૨૦૨૦ના ગૃહ મંત્રાલયના હુકમ સાથેની માર્ગદર્શક સૂચનાઓ અનુસાર Phase-1માં તા.૦૮.૦૬.૨૦૨૦થી કેટલીક પ્રવૃત્તિઓ ચાલુ કરવા મંજૂરી આપવામાં આવેલી છે. જે અંગેની Standard Operating Procedureકેન્દ્રીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ દ્વારાબહાર પાડવામાં આવનાર હતી.

૨. કેન્દ્રીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલયના તા.૦૪.૦૬.૨૦૨૦ના હુકમ ક્રમાંક : Z.28015/19/2020-EMR(PT)થી ધાર્મિક સ્થળો/ઉપાસના સ્થળો, મોલ્સ, રેસ્ટોરેન્ટ, હોટેલ /આતિથ્ય એકમો, ઓફીસ ચાલુ કરતા અગાઉ COVID-19સામે નિવારક પગલા અંગેની Standard Operating Procedure બહાર પાડવામાં આવેલ છે.

૩. કેન્દ્રીય ગૃહ મંત્રાલયના તા.૩૦.૦૫.૨૦૨૦નો હુકમ તથા કેન્દ્રીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના તા.૦૪.૦૬.૨૦૨૦નો હુકમ ધ્યાને લેતાં રાજ્ય સરકારે ધાર્મિક સ્થળો/ઉપાસના સ્થળોમાં આ SOPનો તા.૦૮.૦૬.૨૦૨૦થી સમગ્ર રાજ્યમાં Containment સિવાયના વિસ્તારમાં અમલ કરવા નક્કી કરેલ છે. કેન્દ્ર સરકારની SOP ઉપરાંત ધાર્મિક સ્થળો/ઉપાસના સ્થળોમાં COVID-19 સંબંધી નિવારક પગલાંના અસરકારક અમલીકરણ માટે આ સાથેની બાબતોનો પણ સમાવેશ કરવામાં આવે છે. જેનો રાજ્યમાં આવેલ તમામ ધાર્મિક સ્થળો/ઉપાસના સ્થળોએ ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.

૪. ધાર્મિક સ્થળો/ઉપાસના સ્થળો અંગેની સંકલન, વ્યવસ્થા અને અમલિકરણ મ્યુનિસિપલ કોર્પોરેશન વિસ્તારમાં મ્યુનિસિપલ કમિશ્નરશ્રી અને પોલીસ કમિશ્નરશ્રી/પોલીસ અધિક્ષકશ્રી ના પરામર્શમાં કરવાની રહેશે. અન્ય વિસ્તારમાં સંબંધિત જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી અને સંબંધિત પોલીસ અધિક્ષકશ્રીના પારામર્શમાં કાર્યવાહી કરવાની રહેશે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

૭/૬/2020

(પંકજ આર. દવે)
ઉપ સચિવ(કા.વ્ય.-૧)
ગૃહ વિભાગ

**પ્રતિ,**

- પ.સ. રાજયપાલશ્રીના અગ્ર સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર. (પત્ર દ્વારા)
- રજીસ્ટ્રારશ્રી ગુજરાત હાઈકોર્ટ, સોલા, અમદાવાદ.(પત્ર દ્વારા)
- માન. મુખ્ય મંત્રીશ્રીના મુખ્ય અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન. નાયબ મુખ્ય મંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- તમામ મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.

- મુખ્ય સચિવશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- સચિવાલયના સર્વે વિભાગો.
- પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુજરાત રાજય, પોલીસ ભવન, ગાંધીનગર.
- ગૃહ વિભાગ હેઠળના સર્વે ખાતાના વડાઓ.
- તમામ પોલીસ કમિશ્નરશ્રીઓ
- તમામ રેન્જના વડાશ્રીઓ
- તમામ જિલ્લા મેજીસ્ટ્રેટશ્રીઓ
- તમામ મ્યુનિસિપલ કમિશ્નરશ્રીઓ
- તમામ પોલીસ અધિક્ષકશ્રીઓ
- માહિતી નિયામકશ્રી – ગુજરાત રાજય, બ્લોક નં.૧૯, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

૨/– આ બાબતને બહોળી પ્રસિદ્ધિ મળે તે મુજબની જરૂરી કાર્યવાહી કરવાની વિનંતી સહ.

F. No Z.28015/19/2020-EMR (Pt.)
Government of India Ministry of Health & Family Welfare

Nirman Bhawan, New Delhi
Dated 4th June, 2020

**OFFICE MEMORANDUM**

Government of India has been taking various measures towards management of COVID-19. As part of graded response various restrictions were in place for various public activities and guidelines have been issued from time to time as per the evolving situation.

Ministry of Home Affairs has issued orders under the Disaster Management Act, 2005 dated 30.05.2020 extending the lockdown in Containment Zones up to 30.06.2020 and to reopen certain activities in a phased manner in areas outside the Containment Zones.

The said orders provided that MoHFW will issue SOPs for allowing following activities with effect from 08.06.2020:

1. Religious places/ places of worship for public.
2. Hotels, restaurants and other hospitality services.
3. Shopping Malls

Accordingly, the SOPs as mentioned in annexure have been formulated in consultation with Central Ministries/ Departments concerned and other stakeholders and are hereby issued to be made applicable with effect from 08.06.2020.

States/UTs are requested to implement the aforesaid SOPs. However, they may develop and implement their own protocol which may be stricter as per their assessment of the situation with a view to effectively contain COVID-19.

This is issued with the approval of Competent Authority.

Encl.

1. SOP on preventive measures to contain spread of COVID-19 in offices
2. SOP on preventive measures to contain spread of COVID-19 in religious places
3. SOP on preventive measures to contain spread of COVID-19 in hotels and other hospitality services
4. SOP on preventive measures to contain spread of COVID-19 in restaurants
5. SOP on preventive measures to contain spread of COVID-19 in shopping malls

**(Lav Agarwal)**
**Joint Secretary**
**01123061195**

To

- Chief Secretaries of all States and UTs
- Secretary (Ministry of Home Affairs, Tourism, Urban Development, Department of Personnel Training, DPIIT)

4th June, 2020

**Government of India**
**Ministry of Health and Family Welfare**

**SOP on preventive measures to contain spread of COVID-19 in religious places/places of worship**

## 1. Background

Religious places / places of worship get frequented by large number of people for spiritual solace. To prevent spread of COVID-19 infection, it is important that required social distancing and other preventive measures are followed in such premises.

## 2. Scope

This document outlines various generic precautionary measures to be adopted in addition to specific measures to be taken at particular places to prevent spread of COVID-19.
**Religious places/places of worship for public in containment zones shall remain closed. Only those outside containment zones will be allowed to open up.**

## 3. Generic preventive measures

Person above 65 years of age, persons with comorbidities, pregnant woman and children below the age of 10 years are advised to stay at home. Organisations managing the religious institutions to advise accordingly.

The generic preventive measures include simple public health measures that are to be followed to reduce the risk of COVID-19. These measures need to be observed by all (workers and visitors) in these places at all times.

These include:

i. Individuals must maintain a minimum distance of 6 feet in public places as far as feasible.
ii. Use of face covers/masks to be mandatory.
iii. Practice frequent hand washing with soap (for at least 40-60 seconds) even when hands are not visibly dirty. Use of alcohol-based hand sanitizers (for at least 20 seconds) can be made wherever feasible.
iv. Respiratory etiquettes to be strictly followed. This involves strict practice of covering one's mouth and nose while coughing/sneezing with a tissue/handkerchief/flexed elbow and disposing off used tissues properly.
v. Self-monitoring of health by all and reporting any illness at the earliest to state and district helpline.
vi. Spitting should be strictly prohibited.
vii. Installation & use of Aarogya Setu App shall be advised to all.

**4. All religious places shall also ensure:**

i. Entrance to have mandatory hand hygiene (sanitizer dispenser) and thermal screening provisions.

ii. Only asymptomatic persons shall be allowed in the premises.

iii. All persons to be allowed entry only if using face cover/masks.

iv. Posters/standees on preventive measures about COVID-19 to be displayed prominently. Audio and Video clips to spread awareness on preventive measures for COVID-19 should be regularly played.

v. Staggering of visitors to be done, if possible.

vi. Shoes / footwear to be preferably taken off inside own vehicle. If needed they should be kept in separate slots for each individual / family by the persons themselves.

vii. Proper crowd management in the parking lots and outside the premises – duly following social distancing norms shall be organized.

viii. Any shops, stalls, cafeteria etc., outside and within the premises shall follow social distancing norms at all times

ix. Specific markings may be made with sufficient distant to manage the queue and ensure social distancing in the premises.

x. Preferably separate entry and exits for visitors shall be organized

xi. Maintain physical distancing of a minimum of 6 feet at all times when queuing up for entry.

xii. People should wash their hand and feet with soap and water before entering the premises.

xiii. Seating arrangement to be made in such a way that adequate social distancing is maintained.

xiv. For air-conditioning/ventilation, the guidelines of CPWD shall be followed which inter alia emphasises that the temperature setting of all air conditioning devices should be in the range of 24-30oC, relative humidity should be in the range of 40-70%, intake of fresh air should be as much as possible and cross ventilation should be adequate.

xv. Touching of statues/idols / holy books etc. not to be allowed.

xvi. Large gatherings/congregation continue to remain prohibited.

xvii. In view of potential threat of spread of infection, as far as feasible recorded devotional music/songs may be played and choir or singing groups should not be allowed.

xviii. Avoid physical contact while greeting each other.

xix. Common prayer mats should be avoided and devotees should bring their own prayer mat or piece of cloth which they may take back with them.

xx. No physical offerings like Prasad/distribution or sprinkling of holy water, etc.to be allowed inside the religious place.

xxi. Community kitchens/langars / "Ann-daan", etc. at religious placesshould follow physical distancing norms while preparing and distributing food.

xxii. Effective sanitation within the premises shall be maintained with particular focus on lavatories, hand and foot-washing stations/areas.

xxiii. Frequent cleaning and disinfection to be maintained by the management of the religious place.

xxiv. The floors should particularly be cleaned multiple times in the premises.

xxv. Proper disposal of face covers / masks / gloves left over by visitors and/or employees should be ensured.

xxvi. In case of a suspect or confirmed case in the premises:

   a. Place the ill person in a room or area where they are isolated from others.
   b. Provide a mask/face cover till such time he/she is examined by a doctor.
   c. Immediately inform the nearest medical facility (hospital/clinic) or call the state or district helpline.
   d. A risk assessment will be undertaken by the designated public health authority (district RRT/treating physician) and accordingly further action be initiated regarding management of case, his/her contacts and need for disinfection.
   e. Disinfection of the premises to be taken up if the person is found positive.

## ધાર્મિક સ્થળો / ઉપાસના સ્થળોએ COVID-19 ના ફેલાવા માટેના નિવારક પગલા સંબંધમાં SOP

### ૧. પૃષ્ઠભૂમિ

ધાર્મિક સ્થાનો / ઉપાસના સ્થળો જેવા કે મંદિર, મસ્જીદ, ચર્ચ, દરગાહ, દેરાસર, ઉપાશ્રય પર ધાર્મિક આસ્થાથી પ્રેરાઇ મોટી સંખ્યામાં લોકો આવે છે. આથી COVID-19 ચેપના ફેલાવાને રોકવા માટે, આવા પરિસરમાં જરૂરી સામાજિક અંતર અને અન્ય નિવારક પગલાં લેવામાં આવે તે મહત્વનું છે.

### ૨.અવકાશ

આ દસ્તાવેજમાં COVID-19 ના ફેલાવાને રોકવા માટે ચોક્કસ સ્થળોએ લેવામાં આવતા ચોક્કસ પગલા ઉપરાંત અપનાવાતા વિવિધ સામાન્ય સાવચેતી પગલાઓની રૂપરેખા આપવામાં આવી છે.

કન્ટેન્ટમેન્ટ ઝોનમાં જાહેર ધાર્મિક સ્થાનો / ઉપાસના સ્થળો બંધ રહેશે. ફક્ત કન્ટેન્ટમેન્ટ ઝોન બહારના ધાર્મિક સ્થાનો / ઉપાસના સ્થળોને જ ખોલવાની મંજૂરી આપવામાં આવશે.

હાલ પુરતી માત્ર વ્યક્તિગત રૂપે માત્ર દર્શનની મંજૂરી અપાશે. એટલે કે અન્ય ધાર્મિક વિધિ (આરતી, સામુહિક પ્રાર્થના, સામુહિક પઠન) ની છુટ નથી.

### ૩. સામાન્ય નિવારક પગલાં

ધાર્મિક સ્થાનોનું સંચાલન કરતી સંસ્થાઓએ પાસંઠ (૬૫) વર્ષથી ઉપરની વ્યક્તિ, કોમર્બિડિટીઝવાળા વ્યક્તિઓ, સગર્ભા સ્ત્રી અને દસ (૧૦) વર્ષથી ઓછી ઉંમરના બાળકોને ઘરે રહેવાની સલાહ આપવાની રહેશે. શારીરિક રીતે સ્વસ્થ ન હોય તેવી વ્યક્તિઓ સમજીને ધાર્મિક સ્થાનો પર ન આવે તે ઇચ્છનીય છે.

સામાન્ય નિવારક પગલાઓમાં COVID-19 ના જોખમને ઘટાડવા માટે સરળ જાહેર આરોગ્યનાં પગલાં સામેલ છે. આ પગલાંઓનો બધા સ્થળોએ તમામે (કામદારો અને મુલાકાતીઓ) અમલ કરવાનો રહેશે.

**જેમાં નીચે દર્શાવેલ બાબતો સામેલ છે:**

1. તમામ વ્યક્તિઓએ જાહેર સ્થળોએ ઓછામાં ઓછું છ (૬) ફૂટનું અંતર જાળવવું આવશ્યક છે.
2. ચહેરાને ઢાંકવો / માસ્કનો ઉપયોગ કરવો ફરજિયાત છે.
3. વારંવાર સાબુથી હાથ ધોવા (ઓછામાં ઓછા 40-60 સેકંડ માટે) / હેન્ડ સેનેટાઇઝર્સ (ઓછામાં ઓછા 20 સેકંડ માટે) નો ઉપયોગ કરવાની આદત રાખવી.
4. શ્વસોચ્છવાસના શિષ્ટાચારનું ચુસ્તપણે પાલન કરવું. એટલે કે છીંક આવે ત્યારે નાકને ઢાંકવા અંગે ચુસ્ત પાલન કરવું જેમાં દુપટ્ટો/ગમછો/ખેસ/રૂમાલ કે હાથનો ઉપયોગ કરવો. વપરાયેલ વસ્તુઓનો યોગ્ય રીતે નિકાલ કરવાનો રહેશે તેમજ હાથને તરત સેનેટાઇઝ કરવા જોઇશે.
5. દરેક વ્યક્તિઓએ આરોગ્યનું સ્વ-નિરીક્ષણ કરવું અને કોઈ બીમારી હોય તેની રાજ્ય અને જિલ્લા હેલ્પલાઈનને વહેલી તકે જાણ કરવી.
6. થૂંકવા પર સખ્ત પ્રતિબંધ છે. ભંગ બદલ દંડનીય જોગવાઇ છે.

7. પ્રત્યેક વ્યક્તિએ આરોગ્ય સેતુ એપ્લિકેશન મોબાઇલમાં ડાઉનલોડ કરી અને ઉપયોગની સલાહ આપવી.

૪. **બધા ધાર્મિક સ્થાનો / ઉપાસના સ્થળો નીચે દર્શાવેલ બાબતોની ખાતરી કરશે:**

1. પ્રવેશ દ્વાર પર ફરજિયાત હાથની સ્વચ્છતા માટે સાબુ-પાણી અથવા સેનેટાઇઝર અને થર્મલ સ્ક્રીનીંગની વ્યવસ્થા હોવી જોઇએ.
2. ફક્ત કોવિડ-૧૯ના લક્ષણો ન ધરાવતી વ્યક્તિઓને (asymptomatic) જ પરિસરમાં-મંજૂરી આપવામાં આવશે.
3. ચહેરાને ઢાંકીને / માસ્કનો ઉપયોગ કરેલ હશે તેજ લોકોને પ્રવેશની મંજૂરી આપવામાં આવશે.
4. ધાર્મિક સ્થાનો / ઉપાસના સ્થળોએ COVID-19 વિશે નિવારક પગલાં દર્શાવતા પોસ્ટરો/લખાણો યોગ્ય જગ્યાએ સ્પષ્ટપણે પ્રદર્શિત કરવાના રહેશે તેમજ COVID-19 માટે નિવારક પગલાં અંગે જાગૃતિ ફેલાવવા માટેની ઓડીઓ અને વિડિઓ ક્લિપ્સ નિયમિતપણે ચલાવવાની રહેશે.
5. દર્શનાર્થીઓ/યાત્રાળુઓને પ્રવેશ સમયાંતરે તબક્કાવાર આપવાનો રહેશે તેમજ આ અંગે જરૂરી લાગે તો એડવાન્સ રજીસ્ટ્રેશન/ટાઇમ સ્લોટની વ્યવસ્થા કરવાની રહેશે.
6. દર્શનાર્થીઓ/યાત્રાળુઓએ શુઝ / પગરખાં પોતાના વાહનની અંદર રાખવાના રહેશે. ધાર્મિક સ્થાનો / ઉપાસના સ્થળ પર સામુહિક પગરખા મુકવાની વ્યવસ્થા ચાલુ રાખવા પર પ્રતિબંધ હોઇ તે અંગેની અગ્રીમ જાણ સંસ્થાએ સંબધિતોને કરવી જોઇશે.
7. પાર્કિંગના સ્થળોએ અથવા પરીસરની બહાર યોગ્ય રીતે સામાજિક અંતરના ધોરણોનું પાલન થાય તે અંગે યોગ્ય આયોજન અગાઉથી કરવાનું રહેશે.
8. ધાર્મિક સ્થાન/ઉપાસના સ્થળ પરિસરની અંદર તથા બહાર કોઈપણ દુકાન, સ્ટોલ, કાફેટેરિયામાં દરેક સમયે સામાજિક અંતરનાં ધોરણોનું પાલન થાય તેનું ધ્યાન રાખવાનું રહેશે.
9. કતારને મેનેજ કરવા અને પરિસરમાં સામાજિક અંતર સુનિશ્ચિત કરવા માટે થોડા થોડા અંતરે ચોક્કસ નિશાનો અગાઉથી બનાવવાના રહેશે અને તેની નિભાવણી કરવાની રહેશે.
10. મુલાકાતીઓ માટે અલગ પ્રવેશ અને બહાર નીકળવાનું આયોજન કરવાનું રહેશે.
11. પ્રવેશ માટે કતારમાં હોય ત્યારે દરેક સમયે ઓછામાં ઓછા 6 ફીટનું શારીરિક અંતર જાળવવું.
12. પરિસરમાં પ્રવેશતા પહેલા લોકો માટે સાબુ અને પાણીથી હાથ-પગ ધોવાની વ્યવસ્થા કરવાની રહેશે. પરિસરમાં બેઠકની વ્યવસ્થા એવી રીતે કરવામાં આવે કે જેથી પૂરતુ સામાજિક અંતર જળવાઈ રહે.
13. વધુમાં જ્યા બેંચ પર બેસીને પ્રાર્થના કરવાની પરંપરા હોય ત્યાં જે તે ધર્મસ્થળના ક્ષેત્રફળને ધ્યાનમાં રાખી લોકોને પ્રવેશ અપાય તેમજ સામાજિક અંતર જળવાય તેનું ખાસ ધ્યાન રાખવાનું રહેશે.
14. એર કન્ડીશનીંગ / વેન્ટિલેશન માટે, સી.પી.ડબ્લ્યુ.ડી.ની માર્ગદર્શિકાનું પાલન કરવાનું રહેશે. જેમાં તમામ એર કંડિશનિંગ ડિવાઇસીસનું તાપમાન સેટિંગ ૨૪-૩૦ સે. ની રેન્જમાં હોવું જોઈએ, સંબંધિત ભેજ ૪૦-૭૦% ની રેન્જમાં હોવો જોઈએ આમ તાજી હવાનું સેવન શક્ય તેટલું વધારે હોવું જોઈએ અને ક્રોસ વેન્ટિલેશન પર્યાપ્ત હોવું જોઈએ.
15. મૂર્તિઓ / પવિત્ર પુસ્તકો વગેરેને સ્પર્શવાની મંજૂરી નથી.

16. તેજ રીતે દર્શનાર્થીઓ/યાત્રાળુઓના જ્યાં જ્યાં સ્પર્શ થવાને કારણે સંક્રમણ થવાની શક્યતા હોય તેવી તમામ જગ્યાઓની ઓળખ કરી સ્પર્શથી સંક્રમણ ન થાય તેવી વ્યવસ્થા કરવાની રહેશે જેવી કે,
    a) શક્ય હોય તો રેલીંગને દૂર કરવાની વ્યવસ્થા કરવા અથવા રેલીંગનો ઉપયોગ ટાળવા અથવા તેમ શક્ય ન હોય તો રેલીંગને વખતો વખત સેનેટાઇઝ કરવાની રહેશે.
    b) ઘંટનો ઉપયોગ ન થઇ શકે તે પ્રકારની વ્યવસ્થા કરવાની રહેશે.
    c) દાન પેટીને વખતો વખત સેનેટાઇઝ કરવાની રહેશે.
17. લોકોના મોટા પ્રમાણમાં/સમુહમાં એકત્ર થવા પર પ્રતિબંધ રહેશે.
18. મોટા મેળાવડા / ધાર્મિક સભા / સત્સંગ / ભજન કિર્તન જેવા સામુહિક કાર્યક્રમો પર પ્રતિબંધ રહેશે.
19. ચેપ ફેલાવાના સંભવિત જોખમને ધ્યાનમાં રાખીને, જ્યાં સુધી શક્ય હોય ત્યા રેકોર્ડ કરેલા ભક્તિ સંગીત / ગીતો વગાડવામાં આવે તે જરૂરી છે. ગાયક અથવા ગાયક જૂથોને મંજૂરી ન આપવી જોઈએ કારણ કે અવાજની સાથે વિષાણું નિકળવાને કારણે સંક્રમણની શક્યતા વધે છે.
20. એકબીજાને અભિવાદન કરતી વખતે શારીરિક સંપર્ક ટાળવાનો રહેશે.
21. સામુહિક પ્રાર્થના સાદડીઓ/ચદ્દાઈઓ ઉપયોગ કરવો નહીં. દર્શનાર્થી/યાત્રાળુઓએ તેમની પોતાની પ્રાર્થનાસાદડી અથવા કાપડનો ટુકડો સાથે લાવવો, જે તેઓ તેમની સાથે પાછા લઈ જઇ શકે. વળી ધાર્મિક સ્થળો પર સ્વચ્છ થવા માટે સંગ્રહ કરવામાં આવેલ પાણીથી હાથ-પગ સ્વચ્છ કરવાની પ્રક્રિયાને કારણે સંક્રમણ થવાની શક્યતાને ધ્યાને લેતા ઘરેથી જ હાથ-પગ ધોઇને સ્વચ્છ થઇને ધાર્મિક સ્થળે આવવાનું રહેશે.
22. ધાર્મિક સ્થાનની અંદર પ્રસાદ / પવિત્ર પાણીનું વિતરણ અથવા પવિત્ર જળ છંટકાવ વગેરેને મંજૂરી નથી.
23. ધાર્મિક સ્થળો પર સમુદાયના રસોડાઓ / લંગર / અન્ન-દાન વગેરેમાં ખાદ્ય પદાર્થોની તૈયારી અને વિતરણ કરતી વખતે શારીરિક અંતરના ધોરણોનું પાલન કરવાનું રહેશે અને તેની સ્વચ્છતા જાળવવા સમયાંતરે સેનેટાઇઝ કરવાનું રહેશે.
24. પરિસરની અંદર અસરકારક સ્વચ્છતા જળવાવવી જોઇએ જેમા ખાસ કરીને શૌચાલય, હાથ-પગ ધોવાનાં સ્થળો પર ધ્યાન કેન્દ્રિત કરીને સ્વચ્છતા જાળવવી.
25. જે તે સંસ્થા દ્વારા ધાર્મિક સ્થળો ખાતે અવારનવાર સફાઇ અને જીવાણુ નાશક પ્રક્રિયા કરવાની રહેશે.
26. ખાસ કરીને પરિસર (ફ્લોર)ને વારંવાર સાફ કરવા જોઇશે.
27. મુલાકાતીઓ / કર્મચારીઓ દ્વારા ઉપયોગમાં લેવામાં આવેલ ચહેરાના કવર/માસ્ક/ગ્લોવ્સની યોગ્ય નિકાલની ખાતરી સુનિશ્ચિત કરવાની રહેશે.
28. પરિસરમાં COVID-19 ના શંકાસ્પદ અથવા પુષ્ટિ થયેલ કેસના કિસ્સામાં:
    a) બીમાર વ્યક્તિને એવા રૂમમાં કે વિસ્તારમાં રાખવાના રહેશે જ્યાં તેઓ અન્યથી અલગ હોય એટલે કે આઇશોલેશન માટેની અલગ વ્યવસ્થાનું તેમજ તેને સંલગ્ન કાર્યવાહીનું આયોજન કરવાનુ રહેશે.
    b) ડોકટર દ્વારા તેની તપાસ કરવામાં આવે ત્યાં સુધી ચહેરા માટે માસ્ક પુરા પાડવા.
    c) તાત્કાલિક નજીકની તબીબી સુવિધા (હોસ્પિટલ / ક્લિનિક) ને જાણ કરો અથવા રાજ્ય અથવા જિલ્લા હેલ્પલાઈન પર સંપર્ક કરો.

**d)** નિયુક્ત જાહેર આરોગ્ય અધિકારી (જિલ્લા આરઆરટી / સારવાર કરનાર ચિકિત્સક) દ્વારા જોખમનું મૂલ્યાંકન હાથ ધરવામાં આવશે અને તે મુજબ કેસ, તેના / તેણીના સંપર્કો અને જીવાણુ નાશકક્રિયાની જરૂરિયાત અંગે આગળની કાર્યવાહી શરૂ કરવામાં આવશે.

**e)** જો વ્યક્તિ સકારાત્મક જણાશે તો પરિસરમાં જીવાણુ નાશક ક્રિયા હાથ ધરવાની રહેશે.

29. ધાર્મિક સ્થાનો/ઉપાસના સ્થળો કે જ્યા વધારે સંખ્યામાં દર્શનાર્થીઓ/યાત્રાળુઓ આવવાના હોય તે સ્થળો/સંસ્થાના સંચાલકો

**a)** જરૂરીયાત મુજબ આ SOP ઉપરાંત SOP ને આધીન વધારાની માર્ગદર્શક સુચનાઓ જિલ્લા વહિવટી તંત્ર સાથે પરામર્શ કરીને પોતાના સ્વવિવેકાનુસાર બહાર પાડી શકશે અને તેનો અમલ કરી શકશે.

**b)** સંક્રમણ અટકાવવાની સુવ્યવસ્થા વધુ સુદઢ કરવાની ઇચ્છા ધરાવતા ધાર્મિક સ્થાનો / ઉપાસના સ્થળો હાલ ન ખોલતા પોતાની રીતે હજુ પુરતી તૈયારી કર્યા બાદ જે તે ધાર્મિક સ્થાનો/ઉપાસના સ્થળો ખોલી શકશે.

**30.** જે તે ધાર્મિક સ્થાનો/ઉપાસના સ્થળોના સંચાલકોને ધાર્મિક સ્થળ પુન: ખોલવા અને તેની વ્યવસ્થા જાળવવા માટે પોલીસબળની જરૂર જણાય તો સ્થાનિક પોલિસ તંત્રનો સંપર્ક કરી તે મેળવી શકશે.

**31.** આ S.O.P ઉપરાંત ભારત સરકાર અને રાજ્ય સરકારની વખતો-વખતની સૂચનાઓનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.

નોંધ : ધાર્મિક સ્થાનો / ઉપાસના સ્થળો ખોલવા સંબંધમાં અર્થઘટન અંગે કેન્દ્ર સરકાર દ્વારા આપવામાં આવેલ સુચનાઓ (SOP) આખરી રહેશે.